### 'ચોખ્ખું પાણી આપો નહિતર વેરો ભરવાનું બંધ !'

# શહેરના ઉત્તર-પૂર્વ વિસ્તારોમાં પીવાના પાણી મુદ્દે જનતાનો પાલિકા સામે મોરચો

**દૂષિત** પાણીથી ત્રાહિમામ: વોર્ડ 3, 4 અને 7ના લાખો નાગરિકો પરેશાન



(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં ભરઉનાળે પીવાના પાણીની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. શહેરના વોર્ડ નંબર 3, 4 અને 7 સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દૂષિત, કલરફુલ અને દુર્ગંધ મારતું પાણી આવતું હોવાના કારણે હજારો પરિવારો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સમસ્યાના નિરાકરણ માટે અનેક રજૂઆતો કરવા છતાં પાલિકા તંત્ર અને સ્થાનિક જનપ્રતિનિધિઓ તરફથી કોઈ અસરકારક પગલાં લેવામાં ન આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર ઉત્તર અને પૂર્વ ઝોનના વિવિધ વિસ્તારોમાં ગટર લાઈનો અને નવી પાણીની લાઈનો નાખવાની કામગીરી ચાલી રહી છે. જેના કારણે કેટલાક વિસ્તારોમાં પાણીનો કાપ અને અપૂરતું પ્રેશર જોવા મળી રહ્યું છે. જોકે જ્યાં પાણીની સપ્લાય થઈ રહી છે ત્યાં પણ સ્થિતિ ચિંતાજનક છે. જે.પી. નગર સહિતના વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનમાં ગટરનું ગંદુ પાણી ભળતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પરિણામે પાણીનો રંગ બદલાઈ ગયો છે અને તેમાંથી દુર્ગંધ આવતી હોવાથી તેનો ઉપયોગ પીવા, રસોઈ બનાવવા કે ઘરગથ્થુ કામો માટે પણ મુશ્કેલ બની ગયો છે.

રહીશોનું કહેવું છે કે સામાન્ય રીતે ચોમાસામાં આવી સમસ્યા સર્જાતી હોય છે, પરંતુ ભરઉનાળે દૂષિત પાણી આવવું તંત્રની ગંભીર બેદરકારી દર્શાવે છે. ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓમાં પાણીજન્ય રોગચાળો ફેલાવવાનો ભય ઊભો થયો છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે તેઓ નિયમિતપણે મિલકત વેરો અને અન્ય ચાર્જ ચૂકવે છે, છતાં પીવા માટે બહારથી પાણી ખરીદવાની ફરજ પડી રહી છે. વારંવાર લેખિત અને મૌખિક ફરિયાદો કરવા છતાં કોઈ જવાબદાર અધિકારી સ્થળ મુલાકાતે આવતો નથી કે સમસ્યાના ઉકેલ માટે ગંભીરતા દાખવતો નથી.

#### ૨૧મી સદીમાં પણ ગટરના પાણી મિશ્રિત કલરફુલ પાણી પીવા મજબૂર

વડોદરા સ્માર્ટ સિટીના નામે મસમોટા કરવેરા વસૂલતી પાલિકા નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. સ્માર્ટ સિટીના નાગરિકો આજે ૨૧મી સદીમાં પણ ગટરના પાણી મિશ્રિત કલરફુલ પાણી પીવા મજબૂર બન્યા છે. નેતાઓ એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસીને આયોજનના દાવા કરે છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે ગૃહિણીઓ પાણી માટે રસ્તા પર ઉતરી રહી છે. જો આ જ સ્થિતિ રહી તો આગામી દિવસોમાં રોગચાળાના કારણે સિવિલ હોસ્પિટલો ઉભરાશે તેમાં કોઈ શંકા નથી. તંત્ર હવે તો જાગે!

### ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે યોજાયો કાર્યક્રમ

# વડોદરામાં ભાજપના કાર્યકર્તા સંમેલનમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનું માર્ગદર્શન

**સંગઠન** મજબૂત બનાવવા અને લોકહિતના કાર્યો જનતા સુધી પહોંચાડવા હાકલ



(પ્રતિનિધિ) વડોદરા તા.25

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા આજે વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલયની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા અને મહાનગર ભાજપના આગેવાનો તથા કાર્યકર્તાઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે વડોદરા જિલ્લા ભાજપ દ્વારા વિશેષ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ડૉ. મુખર્જીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. આ દરમિયાન તેમના રાષ્ટ્રસેવા અને દેશહિતના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા.

સંમેલનમાં મોટી સંખ્યામાં ભાજપના પદાધિકારીઓ, વરિષ્ઠ આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકર્તાઓને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ સંગઠનને પાયાના સ્તરે વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે પક્ષની સૌથી મોટી તાકાત તેના સમર્પિત કાર્યકર્તાઓ છે અને સરકારના લોકહિતના કાર્યોને લોકો સુધી પહોંચાડવામાં કાર્યકર્તાઓની મહત્વની ભૂમિકા છે.

તેમણે આગામી સમયમાં યોજાનારા વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો અને પક્ષની રણનીતિ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ તમામ કાર્યકર્તાઓને સંકલન સાથે કાર્ય કરી પક્ષના પ્રચાર-પ્રસારને વધુ વેગ આપવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા ભાજપના આગેવાનોએ પણ પ્રદેશ અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ સંગઠનના કાર્યોને વધુ ગતિશીલ બનાવી લોકો સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### ૨૧૭ ખેલાડીઓ અને ૩૬૪ એન્ટ્રીઓ સાથે નોંધાયો નવો રેકોર્ડ

# ૨૬થી ૨૮ જૂન દરમિયાન UTT ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ

**અંડર-૯** કેટેગરીનો પ્રથમવાર સમાવેશ, યુવા ખેલાડીઓને મળશે મોટું મંચ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

બરોડા ટેબલ ટેનિસ એસોસિયેશન (TTAB) દ્વારા અલ્ટિમેટ ટેબલ ટેનિસ (UTT)ના ટાઇટલ સ્પોન્સરશિપ હેઠળ "UTT ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-2026"નું આયોજન 26થી 28 જૂન દરમિયાન ટીટીએબી-એમએસયુ ટેબલ ટેનિસ સેન્ટર, ફતેહગંજ ખાતે કરવામાં આવશે. ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ ટેબલ ટેનિસ રમતને પ્રોત્સાહન આપવાનો અને યુવા ખેલાડીઓને રેન્કિંગ પોઈન્ટ્સ મેળવવા માટે મંચ પૂરું પાડવાનો છે.

આ વર્ષે ટુર્નામેન્ટમાં પ્રથમવાર હોપ્સ અંડર-9 બોયઝ અને ગર્લ્સ કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રાસરૂટ સ્તરે રમતના વિકાસને વેગ આપવા માટે લેવામાં આવેલા આ નિર્ણયને ખેલજગતમાં આવકાર મળ્યો છે.

સ્પર્ધામાં કુલ 19 ઈવેન્ટ્સ યોજાશે, જેમાં 13 સિંગલ્સ, 3 વેટરન્સ સિંગલ્સ, મેન્સ ડબલ્સ, મિક્સ્ડ ડબલ્સ અને જમ્બલ્ડ ડબલ્સનો સમાવેશ થાય છે. આ વખતે 217 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે અને કુલ 364 એન્ટ્રીઓ મળી છે, જે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ છે.

સ્પર્ધાનો પ્રારંભ 26 જૂને હોપ્સ અંડર-11 બોયઝ ઈવેન્ટથી થશે. ત્યારબાદ અંડર-13, અંડર-15, અંડર-17, અંડર-19 અને મેન્સ સિંગલ્સની સ્પર્ધાઓ યોજાશે. વુમન્સ અને વેટરન્સ ઈવેન્ટ્સ અનુક્રમે 27 અને 28 જૂને રમાશે.

મેન્સ સિંગલ્સમાં વેદ પંચાલ ટોચના સીડ તરીકે ઉતરશે, જ્યારે કૃશય શાહ, ચિરાગ ગોલાણિયા અને તીર્થ સોની મુખ્ય દાવેદારોમાં સામેલ છે. વુમન્સ સિંગલ્સમાં શેલી પટેલ ટોચના ક્રમે છે.

આ ટુર્નામેન્ટ દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને મહત્વપૂર્ણ અનુભવ મળશે. સાથે જ વડોદરામાં રમતગમતની પ્રતિભાને પ્રોત્સાહન આપવાની દિશામાં આ સ્પર્ધા મહત્વપૂર્ણ સાબિત થશે. મોટી સંખ્યામાં ખેલાડીઓ અને રમતપ્રેમીઓની ઉપસ્થિતિથી સ્પર્ધામાં ઉત્સાહભર્યો માહોલ સર્જાવાની અપેક્ષા છે.

TTABના માનદ સચિવ કલ્પેશ ઠક્કરે જણાવ્યું હતું કે વધતી ભાગીદારી અને નવા વયજૂથોના સમાવેશથી ટેબલ ટેનિસ પ્રત્યેનો વધતો ઉત્સાહ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

# એલેમ્બિક ફાઉન્ડેશન દ્વારા પાનેલાવ શાળાને ચાર નવા વર્ગખંડોની ભેટ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી એલેમ્બિક સી.એસ.આર. ફાઉન્ડેશન દ્વારા હાલોલ તાલુકાની પાનેલાવ પ્રાથમિક શાળાને ચાર નવા સુસજ્જ વર્ગખંડોની ભેટ આપવામાં આવી છે. પ્રવેશોત્સવ દરમિયાન આ વર્ગખંડોનું લોકાર્પણ હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું.

નવા વર્ગખંડોમાં વિદ્યાર્થીઓના અભ્યાસને વધુ અસરકારક બનાવવા માટે જરૂરી શિક્ષણ સામગ્રી અને અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાનો લાભ 150થી વધુ વિદ્યાર્થીઓને મળશે, જેથી તેઓ સુરક્ષિત અને અનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરી શકશે.

પ્રસંગે એલેમ્બિક સી.એસ.આર. ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને શાળા બેગ અને સ્ટેશનરી કિટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા ગ્રામ્ય વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની વધુ સારી તકો ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ફાઉન્ડેશન ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે વિવિધ સામાજિક પ્રોજેક્ટ્સ ચલાવી રહ્યું છે. 'શિક્ષા સેતુ' પ્રોજેક્ટ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં 7,673થી વધુ બાળકોને અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષયોમાં શૈક્ષણિક સહાય આપવામાં આવી છે. ઉપરાંત શિષ્યવૃત્તિ પરીક્ષાની તૈયારી, સંસ્કાર વિકાસ અને નિઃશુલ્ક ટ્યુશન વર્ગો જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવામાં આવી રહ્યું છે.

### ખોડીયારનગરની મહારાણી શાંતાદેવી શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

# બાળકોને માત્ર હોશિયાર નહીં, સારા નાગરિક બનાવો : ડે.સીએમ હર્ષ સંઘવી

**૧૩૫૪** વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

વડોદરાના ખોડીયારનગર સ્થિત મહારાણી શાંતાદેવી પ્રાથમિક શાળામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનીષા વકીલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસંગે હર્ષ સંઘવીએ શિક્ષકોને સંબોધતા જણાવ્યું હતું કે વાલીઓ પોતાના બાળકોને વિશ્વાસપૂર્વક શિક્ષકોને સોંપે છે. તેથી શિક્ષકોએ બાળકોના જીવન ઘડતરમાં મહત્વની ભૂમિકા નિભાવવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાળકોને માત્ર ભણાવવામાં નહીં, પરંતુ રમત-ગમત, વિજ્ઞાન, સંગીત અને કલા જેવી પ્રવૃત્તિઓ દ્વારા સારા અને જવાબદાર નાગરિક તરીકે વિકસાવવા જોઈએ.

કાર્યક્રમ દરમિયાન આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-1માં પ્રવેશ મેળવનારા બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓ, દિવ્યાંગ રમતવીરો અને પુનઃપ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ડૉ. વિપુલ ભરતીયાએ "વિઝન-2030" અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ઉદ્યોગો અને CSR સંસ્થાઓના સહયોગથી શાળાઓમાં હાઈટેક સુવિધાઓ અને અનુભવ આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવશે.

કાર્યક્રમમાં ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ, મેયર ગીતાબેન મકવાણા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ, શિક્ષણ સમિતિના અધ્યક્ષ અંજનાબેન ઠક્કર સહિત અનેક મહાનુભાવો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### BPL સીઝન-૨ના ચેમ્પિયન A4 પાવરસ્ટ્રાઈકર્સનો ભવ્ય સન્માન સમારોહ

# ચેમ્પિયનશિપ ઉજવણી સાથે ખેલાડીઓ માટે પુરસ્કાર રકમ વધારીને ૩૦ લાખ કરાઈ

**'ચેમ્પિયન્સ** સો હોપ' અભિયાન હેઠળ ૪૪૫ વૃક્ષો વાવવાનો સંકલ્પ



(પ્રતિનિધિ) વડોદરા તા.25

એક્સિસ બેંક સંચાલિત કોટયાર્ડ બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2ના ચેમ્પિયન A4 પાવરસ્ટ્રાઈકર્સ અને બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) દ્વારા ચેમ્પિયનશિપ અભિનંદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં BCAના પ્રતિનિધિઓ, ફ્રેન્ચાઈઝી માલિકો, ખેલાડીઓ, કોચ, પ્રાયોજકો, મીડિયા પ્રતિનિધિઓ તેમજ રમતગમત અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહ દરમિયાન BPL સીઝન-2ના સફળ આયોજનની ઉજવણી કરવામાં આવી હતી. ચેમ્પિયન A4 પાવરસ્ટ્રાઈકર્સ ઉપરાંત રનર્સ-અપ એલેમ્બિક વોરિયર્સ ટીમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટે યુવા ક્રિકેટ પ્રતિભાઓને મંચ પૂરું પાડતા પ્રદેશમાં ફ્રેન્ચાઈઝી ક્રિકેટને વધુ મજબૂત બનાવ્યું હોવાનું જણાવાયું હતું.

A4 પાવરસ્ટ્રાઈકર્સના માલિકોએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના ઉત્કૃષ્ટ પ્રદર્શનને બિરદાવતાં ટીમના પુરસ્કાર પુલમાં વધારો કરી તેને 20 લાખથી વધારી 30 લાખ કરવાની જાહેરાત કરી હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમે શિસ્તબદ્ધ અને મેચ-વિનિંગ પ્રદર્શન કરી ખિતાબ પોતાના નામે કર્યો હતો. પ્રસંગે ફ્રેન્ચાઈઝીએ 'ચેમ્પિયન્સ સો હોપ' નામની પર્યાવરણલક્ષી પહેલની પણ જાહેરાત કરી હતી. આ અભિયાન અંતર્ગત ટીમ દ્વારા લેવામાં આવેલી દરેક વિકેટ બદલ એક વડનું વૃક્ષ અને દરેક ડોટ બોલ બદલ એક વૃક્ષનો છોડ વાવવામાં આવશે.

# દુધિયા ગામની ઉન્નતી ક્રેડિટ સોસાયટીમાં ૧.૩૩ કરોડની ઉચાપત

(પ્રતિનિધિ) દાહોદ તા 25

દાહોદ જિલ્લાના લીમખેડા ના દુધિયા ગામની શ્રી ઉન્નતી સેવિંગ્સ એન્ડ ક્રેડિટ સોસાયટી લિ. માંથી પોતાની સત્તાનો દુરુપયોગ કરી બે સભાસદ,એક ક્લાર્ક સહિત ચાર દ્વારા રૂપિયા૧.૩૩ કરોડની ઉચાપત કરવામાં આવી હતી.

લીમખેડાના દુધિયા ગામે મેઈન બજારમાં આવેલ ધી ઉન્નતિ સેવિંગ્સ એન્ડ ક્રેડિટ સોસાયટીના બે સભાસદો, એક કલેક્શન ક્લાર્ક સહિત કુલ ચાર જણાએ ભેગા મળી મંડળીના નીતિ નિયમોનો ભંગ કરી પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરી ખોટા હિસાબો, ખોટી એન્ટ્રીઓ બનાવટી દસ્તાવેજો અને બોગસ બેક સ્ટેટમેન્ટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી મંડળીના ઓડિટ વર્ષ ૨૦૨૪/૨૫માં રૂપિયા ૧,૩૩,૩૦, ૧૦૨/-જેટલી માતબર રકમની ઉચાપત કરી ધી ઉન્નતી સેવિંગ્સ એન્ડ ક્રેડિટ સોસાયટી.લિ ના સભાસદોની મુકેલ થાપણ પોતાના અંગત વપરાશમાં લઈ મંડળી સાથે વિશ્વાસઘાત કરી મંડળીને મોટું આર્થિક નુકસાન પહોંચાડયાનુ જાણવા મળ્યું છે.

લીમખેડાના દુધિયા ગામ મેઈન બજારમાં રહેતા રાજેન્દ્રકુમાર માધવલાલ ચૌહાણ (દરજી), દુધિયા અમીન ફળિયામાં રહેતા ભાસ્કરભાઈ કિશનલાલ ચૌહાણ (કલેક્શન ક્લાક), દુધિયા મેન બજારના મૂળ રહેવાસી અને હાલ ઈન્દોર ખાતે રહેતા સભાસદ ધર્મેન્દ્રકુમાર અમૃતલાલ જયસ્વાલ તથા દિવ્યાબેન ધર્મેન્દ્રભાઈ જયસ્વાલ એમ ચારે જણાએ ભેગા મળી તારીખ ૧-૪-૨૦૨૪ થી તારીખ ૩૧-૩-૨૦૨૫ સુધીમાં કોઈપણ સમયે દુધિયા ગામે આવેલ ધી ઉન્નતી સેવિંગ્સ એન્ડ ક્રેડિટ સોસાયટી લી. માં મંડળીના ઓડિટ વર્ષ ૨૦૨૪/૨૫ માં પોતાની સત્તાનો દુરુપયોગ કરી ખોટા હિસાબો, ખોટી એન્ટ્રીઓ, બનાવટી દસ્તાવેજો અને બોગસ બેંક સ્ટેટમેન્ટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ઠગાઈ કરી હતી વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફાધર્સ ડે નિમિત્તે સિનિયર સિટીઝન ગ્રુપનો સંગીતમય કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

આંતરરાષ્ટ્રીય ફાધર્સ ડે નિમિત્તે સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા કમુબાળા હોલ ખાતે વડીલો અને પેન્શનરો માટે સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. માનદ તંત્રી ઘનશ્યામભાઈ રાવે જણાવ્યું હતું કે વડીલ હર્ષદભાઈ શાહના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં ફાધર્સ ડેના મહત્વને ઉજાગર કરતી વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પ્રગતિ રૂપી વાડિયાની સ્વરચિત કૃતિ રહી હતી. તેમણે પિતાના ત્યાગ, સંઘર્ષ અને સંતાનોના જીવન ઘડતરમાં તેમના અમૂલ્ય યોગદાનને ભાવસભર શબ્દોમાં રજૂ કર્યું હતું. "પિતા હોના આસાન નહીં હૈ..." જેવા હૃદયસ્પર્શી શબ્દોએ ઉપસ્થિત સૌને ભાવવિભોર કરી દીધા હતા. પ્રગતિબહેને સમાજલક્ષી અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સમાજને પ્રેરણા આપવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.


DGVCL

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.: ૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઇ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

### વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી કરજણ અર્બન | રાજપીપળા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૨૭.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ધાંટોલી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૩૦.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી સોલીયા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૩૦.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી પણગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૩૦.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ખટમ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૧.૦૭.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ગઢ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૧.૦૭.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૭ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ધાંટોલી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૭.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૮ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી સોલીયા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૭.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૯ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી પણગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૭.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વિ.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઇ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો


# જીવેશ્વર મહાદેવ મંદિરે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

**નાગરિકોને** માર્ગદર્શન અને મફત દવા વિતરણ



(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા, તા. 25 : "સેવા એ જ સર્વસ્વ"ના મંત્રને આત્મસાત્ કરીને મણીબા એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીવેશ્વર મહાદેવ મંદિર ખાતે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પ, મફત આયુર્વેદિક દવા વિતરણ તેમજ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના સ્થાપક શ્રી કેતનભાઈ પટેલ અને સ્થાપિકા શ્રીમતી કાશ્મીરાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો.

તા. 25 જૂન, 2026ના રોજ સવારે 9:30થી બપોરે 12:30 કલાક દરમિયાન યોજાયેલા કેમ્પને ભારતીય જનતા પાર્ટી, વોર્ડ નં. 18ની ટીમ, જીવામામા સેવા સમિતિ, જીવામામા સિનિયર સિટીઝન મંડળ, વડોદરા જિલ્લા આયુર્વેદ અધિકારી તથા સરકારી આયુર્વેદિક દવાખાનું, સયાજીગંજનો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો હતો. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય વોર્ડ નં. 18ના કાઉન્સિલર કેતનભાઈ પટેલ, શ્રી ચેતનભાઈ પરમાર, માધવીબેન ગાયકવાડ, દીપાબેન પંચાલ અને વોર્ડ પ્રમુખ કુણાલભાઈ જોષીના હસ્તે કરાયું હતું. કેમ્પ દરમિયાન ડૉ. છાયાબેન વોરાએ લાભાર્થીઓનું આરોગ્ય નિદાન કરી સ્વસ્થ જીવનશૈલી, યોગ્ય આહાર અને રોગપ્રતિકારક શક્તિ વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જરૂરી આયુર્વેદિક દવાઓનું નિઃશુલ્ક વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના સ્થાપક કેતનભાઈ પટેલ, જાણીતા વેરા સલાહકાર અને એડવોકેટ દીપકભાઈ અમીન, ભાજપના વરિષ્ઠ કાર્યકર ત્રિભોવનભાઈ કમાલિયા, નિત્યાનંદભાઈ સ્વામી, ગોપાલભાઈ પંડ્યા સહિત માંજલપુર વિસ્તારના અનેક આગેવાનો, વરિષ્ઠ નાગરિકો અને સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨

ગોધરા શાખા: દુકાન નંબર ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧

### પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણમાં લેતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલા લોનધારક(કો)/જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલા હોવાથી લોનધારક(કો)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણમાં લેતા ઉક્ત કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લઈ લીધો છે. સુરક્ષિત મિલકતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, લોનધારકનું ધ્યાન કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારકને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર તેના પરના વ્યાજ સહિત અહીં નીચે દર્શાવેલી રકમ માટે AHFL ના ચાર્જને આધીન રહેશે.

| ક્રમ નં. | લોનધારક(કો) / સહ-લોનધારક(કો) નું નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસ તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૧૭૬૧૦૦૦૦૧૮૦ / ગોધરા શાખા) વાસુદેવ ચંદુભાઈ દબગર (લોનધારક) જિજ્ઞાશાબેન વાસુદેવ દબગર (સહ-લોનધારક) | પ્રોપર્ટી જી.એફ. અને એફ.એફ.નો તમામ ભાગ અને હિસ્સો, ખાનગી પ્લોટ નં. ૧૦૧, રાધા માધવ પાર્ક સોસાયટી (મા સરસ્વતી પાર્ક ૦૩), ગોધરા અમદાવાદ રોડ, ખાનગી પ્લોટ નં. ૧૦૧, તાલુકો-ગોધરા, જિલ્લો-પંચમહાલ, ગુજરાત ૩૮૯૦૦૧.ચતુર્સીમા: પૂર્વ: ૭-૫૦ મીટર રોડ, પશ્ચિમ: પ્લોટ નં. ૮૨ની સરહદ, ઉત્તર: પ્લોટ નં. ૧૦૨ ની સરહદ, દક્ષિણ: પ્લોટ નં. ૧૦૦ની સરહદ. | 14-04-2026 & ₹ 19,48,928/- | 24-06-2026 |
| 2 | (લોન કોડ નં. ૧૭૬૧૦૦૦૦૩૦૯ / ગોધરા શાખા) પઠાન હુસેન ખાન (લોનધારક) પઠાન રજિયાબીબી (સહ-લોનધારક) | પ્રોપર્ટી જી.એફ., એફ.એફ. મકાન નં. ૧૧, પ્લોટ નં. ૧૧ (૧/૫૬૫/સીએ/૩/એ)નો તમામ ભાગ અને હિસ્સો, ભીસ્તી ખાડી ફળિયા, કડીફળિયા, હુસેની મસ્જિદ નજીક, રેલ્વે કોલોની, તાલુકો-ગોધરા, જિલ્લો-પંચમહાલ, ગુજરાત ૩૮૯૦૦૧. ચતુર્સીમા: પૂર્વ: ૩ ફીટ પહોળી ખુલ્લી ચાલ, પશ્ચિમ: ૬.૦૦ મીટર પહોળો રોડ, ઉત્તર: આર.એસ. નં. ૧૨૫૫ ની સરહદ, દક્ષિણ: પ્લોટ નં. ૧૦. | 14-04-2026 & ₹ 17,06,768/- | 24-06-2026 |

સ્થળ: ગુજરાત
તારીખ: ૨૬.૦૬.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ



DGVCL

## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

ભરૂચ શહેર વિભાગીય કચેરી,
જીલ્લા પંચાયતની પાછળ, પાંચબત્તી, ભરૂચ,

ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

### વિજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરોમાં જેટકો દ્વારા અગત્યના સમારકામની કામગીરી કરવાની હોવાથી તેના પરથી વિજ પુરવઠો મેળવતા વિજ ગ્રાહકો ને તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહિ. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય વિજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર/ વિસ્તારો | સબ-ડિવિઝન (ફોલ્ટ સેન્ટર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૩૨ કે.વી. મકતમપુર એસ.એસ. | ૧૩૨ કે.વી. મકતમપુર એસ.એસ માંથી નીકળતા તમામ ફીડરો (કસક ગરનાળાથી તુલસીધામ માર્કેટ, ભોલાવ ગ્રામ પંચાયત વિસ્તાર, ઉધ્યોગનગર, સંપૂર્ણ જી.આઈ.ડી.સી. વિસ્તાર અને આ વિસ્તારો ની તમામ સોસાયટીઓ તેમજ ઈસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા વિજ પુરવઠો પુરો પાડવામાં આવતા તમામ વિસ્તારો) | ભરૂચ શહેર પૂર્વ પે.વી.ક. (૦૨૬૪૨-૨૨૮૯૨૩ ૮૯૮૦૮૦૩૯૨૪) અથવા ૧૯૧૨૩ | ૨૭.૦૬.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૨.૦૦ કલાક |
| ૨ | ૬૬ કે.વી. ઝાડેશ્વર એસ.એસ. | ૬૬ કે.વી. ઝાડેશ્વર એસ.એસ.માંથી નિકળતા તમામ ફીડરો (તુલસીધામ માર્કેટ થી ઝાડેશ્વર ચોકડી, નર્મદા ચોકડી, ઝાડેશ્વર ગામ, મકતમપુર ગામ તથા આ વિસ્તાર ની તમામ સોસાયટીઓ તેમજ ઈસ્ટ પેટા વિભાગીય કચેરી દ્વારા વિજ પુરવઠો પુરો પાડવામાં આવતા તમામ વિસ્તારો) | ભરૂચ શહેર પૂર્વ પે.વી.ક. (૦૨૬૪૨-૨૨૮૯૨૩ ૮૯૮૦૮૦૩૯૨૪) અથવા ૧૯૧૨૩ | ૨૭.૦૬.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૨.૦૦ કલાક |

કાર્યપાલક ઇજનેર(સં.નિ.), ભરૂચ શહેર વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લી

એમ.સી.બી. / ઈ.એલ.સી.બી. / આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વિજ અકસ્માત ટાળો.